PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ફવા-૦૧/૨૦૧૯-૨૦/ 4109-10 તારીખ : 19-6-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
માડમ નારણભાઈ નુંધાભાઈ
મું. પો. : ગણેશગઢ , તા. : કલ્યાણપુર , જી. : દ્વારકા,
મોબાઈલ : ૯૮૨૫૬ ૪૭૨૮૮

વિષય : નવા ખેત જોડાણ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૧-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૫/ફવા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ **નિર્ણય આ** સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૧/૨૦૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૫/ક્વા-૧/૨૦૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | માડમ નારણભાઈ નુંધાભાઈ ગામ: ગણેશગઢ |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – **વિભાગીય કચેરી, દ્વારકા** |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી કે.સી.ચૌહાણ – **વિભાગીય કચેરી, દ્વારકા** |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૧૧-૦૬-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૬-૨૦૧૯ ( મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર માડમ નારણભાઈ નુંધાભાઈ, ગામ:ગણેશગઢ તેઓની અરજી ના નોંધણી નંબર :૧૫/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓએ ખેતીવાડી વીજજોડાણ માટે નુ ભાવપત્રક તા.૦૬–૦૯–૧૮ અને ટેસ્ટ રીપોર્ટ તા.૨૯–૧૦–૧૮ ના રોજ થી ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરેલ. જે અનુસંધાને કોન્ટ્રાકટર દ્વારા ખેતીવાડી વીજજોડાણનુ અધુરૂ કામ મુકી, તેમજ ટ્રાન્સફોર્મર અને મીટર મુકવાનુ કામ બાકી રાખેલ છે. ત્યારબાદ, સામેવાળા દ્વારા વીજજોડાણ અંગે ની કોઈ કાર્યવાહી કરાયેલ નથી, જેથી તેઓનુ વીજજોડાણ ન મળવાથી – તેઓને આર્થિક નુકશાની જતી હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી માડમ નારણભાઈ નુંધાભાઈ દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગણેશગઢ ખાતે નવા ખેતીવાડી જોડાણ બાબત માટે રજૂઆત કરેલ. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે અરજદારની રજૂઆત મુજબનું નવા ખેતીવાડી વીજ જોડાણનું કામ શ્રી શિવકૃપા કન્સ્ટ્રકશન ને સોંપવામાં આવેલ જે તા.૦૭.૦૬.૨૦૧૯ ના રોજ પૂર્ણ કરી આપેલ છે. અરજદાર દ્વારા સદર કામગીરીથી સંતુષ્ટ થઇ સમાધાન પુરશીશ તા.૦૭.૦૬.૨૦૧૯ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૭.૦૬.૨૦૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ સદર ફરિયાદ નો આ તબ્બકે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |